


**સ્કૂલ-કોલેજમાં વેકેશન પડી ગયું છે. તમે પણ ફરવા જવાનો પ્લાન બનાવ્યો હશે. ટ્રેન-ફ્લાઈટ બુકિંગ, હોટલ બુકિંગ સામાન્ય રીતે આપણે આગળથી જ કરાવતાં હોઈએ છીએ. પરંતુ જો તમે હજુ હોટલ બુકિંગ ન કરાવ્યું હોય તો ઈન્ટરનેટના આ યુગમાં લગભગ બધી જ હોટલમાં ઓનલાઈન બુકિંગ કરાવી શકાય છે. જે આપણને સસ્તું પણ પડે છે અને ઓછા સમયમાં એક જ જગ્યાએથી બધી માહિતી મળી જાય છે પરંતુ એમાં થોડા સાવચેત રહેવાની જરૂર છે.ઓનલાઈન હોટલ બુકિંગ આમ તો બહુ જ સરળ છે પરંતુ બુકિંગ કરાવતી વખતે ક્યારેક એવી ભૂલ થઈ જાય છે કે પાછળથી આપણે પસ્તાવું પડે છે અને આખી ટ્રિપ પણ બગડી શકે છે એટલે ઓનલાઈન હોટલ બુક કરતી વખતે કેટલીક બાબતો ધ્યાનમાં રાખો...**

# ઓનલાઈન હોટલ બુકિંગ કરાવતી વખતે શું ધ્યાન રાખશો?

## ભરોસાપાત્ર સાઈટ પરથી બુક કરો

બુકિંગ હંમેશાં ભરોસાપાત્ર સાઈટ પરથી જ કરો. જો કે માય ટ્રિપ, યાત્રા ડોટ કોમ, ક્લિયર ટ્રિપ ડોટ કોમ, ગો આઈબીબો ડોટ કોમ જેવી સાઈટ પરથી કરાવી શકાય.

## સરખામણી કરો

જે હોટેલ્સ તમે શોર્ટ લિસ્ટ કરતાં હો તેની પ્રાઈસ એક વાર અન્ય સાઈટ્સ પર પણ ચેક કરી લો કારણ કે દરેક સાઈટ પર એક જ હોટલના રેટમાં થોડો ફેર હોય છે. જ્યાં ઓછો રેટ અને સરખી જ સુવિધા મળતી હોય ત્યાં બુક કરાવો. અન્ય સાઈટ્સ પર ઓફર્સ અને ડિસ્કાઉન્ટ પણ જોઈ લો.

## લોકેશન ચેક કરો

દરેક સ્થળે અસંખ્ય હોટેલ્સ હોય છે. ઘણી શહેરના મેન લોકેશનમાં નહિ પરંતુ આઉટસ્કર્ટસમાં હોય છે. જ્યાંથી ફરવા માટે આવવાજવામાં ઘણો સમય લાગે છે. જો મેન લોકેશનમાં હોય તો પણ ઘણી અંદરથી હોય છે એટલે બુક કરાવતાં પહેલાં એ ખાસ ચેક કરો કે ત્યાંથી સરળતાથી ટ્રાન્સપોર્ટેશન મળી રહે છે, માર્કેટ નજીક છે કે નહિ?

## શરત અને નિયમો વાંચો

ફ્રીમાં શું શું મળશે અને શેનો ચાર્જ લાગશે એ જાણી લો. રૂમમાં મૂકેલી પાણીની બોટલ્સ ફ્રી છે કે નહિ? રૂમના ફ્રીજમાં મૂકેલી વસ્તુઓ ચાર્જેબલ છે? એક રૂમમાં કેટલી વ્યક્તિ રહી શકે અને એકસ્ટ્રા બેડનો શું ચાર્જ છે તે પણ જાણી લો.

## ચેક ઈન, ચેક આઉટ ટાઈમ

ચેક ઈન અને ચેક આઉટ ટાઈમ પણ ચેક કરી લો કારણ કે એ પ્રમાણે તમે ફલાઈટ- ટ્રેન બુક કરાવી શકો. એવું ન બને કે તમે હોટલ વહેલી સવારે પહોંચી જાવ અને તમને રૂમ બપોરે મળે. અલબત્ત દરેક વખતે તમને ટ્રેન-ફલાઈટનું કનેકશન એ પ્રમાણે જ મળે એ શક્ય નથી.

## કેન્સલેશન પોલિસી

આકસ્મિક સંજોગોને કારણે તમે જો નક્કી કરેલી તારીખે જઈ ન શકો તો એવા સંજોગોમાં હોટલના બુકિંગની કેન્સેલેશન પોલિસી શું છે તે પણ અગાઉથી જાણી લેવું જરૂરી છે. તમને કેટલા પૈસા પાછા મળશે, કેટલા કપાશે અથવા તો તમને ક્રેડિટ નોટ મળશે જેથી તમે પાછળથી જઈ શકો એ જાણી લો. દરેક હોટલના કેન્સેલેશન ચાર્જ અલગ-અલગ હોય છે.

## બુકિંગ પ્રિન્ટ આઉટ સાથે રાખો

બુકિંગ પ્રિન્ટ આઉટ ટ્રાવેલિંગ દરમ્યાન હંમેશાં તમારી પાસે હોવા જોઈએ જેથી કોઈ તકલીફ ન પડે. વારંવાર મેલ ચેક કરવાનું કયારેક મુશ્કેલ પડે છે એટલે પ્રિન્ટ આઉટ સાથે રાખો.

## રીવ્યુ ચેક કરો

આજકાલ બધી જ હોટેલ્સ ઈન્ટરનેટ સાથે જોડાયેલી છે. ઓનલાઈન બુકિંગ કરતી વખતે એના કસ્ટમર્સના રીવ્યુ ચોક્કસ વાંચો. હોટલ બુક કરાવવામાં એનાથી તમને સરળતા પડશે. જો તમે બાય રોડ જતાં હો તો હોટલમાં પાર્કિંગની સુવિધા, ડ્રાઈવરના રહેવાની સગવડ, પાર્કિંગ ફી છે કે નહિ, હોય તો કેટલી એ બધી બાબતોની માહિતી મેળવી લો.

ફુરસદ



# આ મહિલા પાસે છે 1000 ડૉલ્સ

સામાન્ય રીતે આપણે જોઈએ છીએ કે નાની બાળકીઓ અલગ અલગ પ્રકારની ઢીંગલીઓથી રમતી હોય છે પરંતુ 59 વર્ષની મહિલા પાસે 1000 ચિનાઈ માટીની ઢીંગલીઓ હોય તો જાણીને આશ્ચર્ય થાય. ખાસ વાત એ છે કે તે તમામ ડોલ્સને એ પોતાની દીકરીઓ માને છે. તેમના આ શોખ પાછળ પણ એક અદભુત કહાની છે.

કોઈ પ્રિય વ્યક્તિના મૃત્યુ પછી લોકો તેની યાદમાં કોઈ ને કોઈ સ્મૃતિચિહ્ન બનાવે છે પરંતુ એક મહિલાએ તેના પુત્ર જેવા મિત્રની યાદમાં એક અનોખો શોખ વિકસાવ્યો છે. તેની પાસે 1000 ચિનાઈ માટીની ઢીંગલીઓનું કલેક્શન છે. આજે સ્થિતિ એવી છે કે તેમનો મોટાભાગનો સમય આ સંગ્રહની સંભાળ રાખવામાં પસાર થાય છે. આ કલેક્શનની ખાસ વાત એ છે કે આ શોખનો જન્મ તેમના એક દુઃખના કારણે થયો હતો. દક્ષિણ આફ્રિકાના વેરેનિગિંગના લિન એમડિન પાસે વિવિધ પ્રકારની 1000 થી વધારે ચિનાઈ માટીની ઢીંગલીઓ છે અને આ બધી ઢીંગલીઓને તેના બગીચામાં એક વિશાળ શેડમાં પ્રેમથી રાખી છે. ચાર બાળકોની માતા તેમને પ્રેમ આપવામાં, તેમને કસ્ટમ-મેઈડ કપડાં પહેરાવવા અને તેમના પર પરફ્યુમ છાંટવામાં કલાકો ગાળે છે.લીન તેના પરિવારના ઓટો પાર્ટ્સ અને એસેસરીઝ બિઝનેસ માટે પણ કામ કરે છે. લિનને ઢીંગલીઓ ભેગી કરવાનું વળગણ આજથી 20 વર્ષ પહેલાં શરૂ થયું હતું. જ્યારે કુટુંબના મિત્ર માઈકલ ટોલ્મેએ તેને તેના જન્મદિવસે રોઝ નામની ચિનાઈ માટીની ડૉલ આપી હતી. બે મહિના પછી માઈકલનું માત્ર 21 વર્ષની ઉંમરે એક મોટરસાઈકલ અકસ્માતમાં દુઃખદ અવસાન થયું હતું. તેમણે કહ્યું કે માઈકલ તેના પુત્રોનો ખાસ મિત્ર હતો અને તે તેમનો પણ પુત્ર જેવો જ હતો. જ્યારે પણ તે રોઝને જુએ છે ત્યારે તેને માઈકલ યાદ આવે છે.

ત્યારથી તેમનો ચિનાઈ માટીની ડૉલ્સ પ્રત્યેનો પ્રેમ વધતો ગયો. તેમને ઢીંગલીઓ પ્રત્યે એટલો પ્રેમ થતો કે તેમણે શક્ય હોય તે બધી જ જગ્યાએથી તેને એકત્રિત કરવાનું શરૂ કર્યું. એટલું જ નહિ તેઓ વિવિધ શોપિંગ સાઈટ્સ અને ફેસબુક માર્કેટપ્લેસમાંથી ઢીંગલીઓની ખરીદી કરે છે. લીન ચાર પુત્રોની માતા છે અને કેટલીક વાર તેણીને લાગે છે કે તેમણે આ કલેક્શન કરવાનું એટલા માટે જ શરૂ કર્યું છે કારણ કે તેમને પુત્રીઓ નથી. જો કે તેમના પુત્રો તેમના આ સંગ્રહને જોઈને ચિડાઈ જાય છે પરંતુ લીનના 65 વર્ષીય પતિ રિક તેને પૂરો સાથ આપે છે.

આ દંપતીને ખબર નથી કે તેઓએ સંગ્રહ પર કેટલો ખર્ચ કર્યો છે પરંતુ તેઓ કહે છે કે ચીનાઈ માટીની આ ડૉલ્સ પાછળ ખાસ ખર્ચો નથી કર્યો.

# મૃત માતા સાથે વાત થઈ શકે?

જયારે આપણી કોઈ નિકટની વ્યકિતનું મૃત્યુ થાય છે ત્યારે એની અસર આપણી મેન્ટલ અને ઈમોશનલ હેલ્થ પર પડે છે. એમને ભૂલવામાં ઘણો સમય લાગે છે. હમણાં જ એક મહિલાએ એવો દાવો કર્યો છે કે એણે એની મૃત માતા સાથે વાત કરી. એણે જણાવ્યું કે એની માતાના મૃત્યુ બાદ એ બહુ ડિપ્રેશનમાં અને દુઃખી હતી. એ અને ભૂલી શકતી નહોતી. એની માતાના મૃત્યુનાં થોડાં વર્ષો બાદ એણે એની સાથે વાત કરી. આ કઈ રીતે શક્ય બન્યું? આ ઘટના જર્મનના બર્લિનની છે. અહીંની રહીશ સિરીન માલાસે 2018માં કિડની ફેલ્યોરને કારણે એની માતા ગુમાવી હતી. એની માતાની ઉંમર 82 વર્ષ હતી. સિરીને માતાના મૃત્યુના થોડા સમય પહેલાં જ પોતાના પ્રથમ બાળકને જન્મ આપ્યો હતો. માતાના મૃત્યુથી એ આઘાતમાં સરી પડી. છેલ્લે એણે એમાંથી બહાર નીકળવાની રીત શોધી કાઢી. સિરીને આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ- AIની મદદ લીધી. જેની સહાયથી માતાના મૃત્યુનાં વર્ષો બાદ એ એની સાતે વાત કરી શકી.

સિરીન જણાવે છે કે જયારે તમે કમજોર થાવ છો ત્યારે બધું જ સ્વીકારી લો છો. પોતાની મૃત માતા સાથે વાત કરવા એણે



પ્રોજેકટ ડિસેમ્બર નામના એક AI ટુલની મદદ લીધી. આ ટુલ મૃત વ્યકિતના AI રૂપ તૈયાર કરે છે. આ તૈયાર કરવા માટે મૃતકના કુટુંબીજનોએ મૃતક સંબંધી બધી જાણકારી આપવી પડે છે. દા.ત. મૃતકની ઉંમર તેની સાથેનો સંબંધ. બધી વિગતો એક ફોર્મમાં ભરવાની હોય છે. open AI GPT2થી પોવર્ડ આ AI ચેટબોટને આપેલી જાણકારી મુજબ મૃત વ્યકિતનો પ્રોફાઈલ તૈયાર કરે છે. ત્યાર બાદ યુઝર AI ચેટબોટની મદદથી મૃત વ્યકિત સાથે વાતચીત કરી શકે છે.

આ એપના ફાઉન્ડર જેસન રોહરરે જણાવ્યું કે આ એપનો ઉપયોગ 3000થી વધુ લોકો કરી ચૂક્યા છે.